# બનાસકાંઠા - સાબરકાંઠામાં આસોમાં અષાઢી માહોલ

## અરવલ્લી, ધનસુરામાં ૨ કલાકમાં અઢી ઇંચ વરસાદ, મોડાસા-ધનસુરા હાઈવે પર વૃક્ષો ધરાશાયી

હવામાન વિભાગની આગાહી અનુસાર વરસાદી



માહોલ યથાવત રહેતા ખેડુતો ભારે ચિંતામાં મુકાયા છે.વરસાદે નવરાત્રીમાં વિઘ્ન ઉભું કરતા એકદંરે ખેલૈયાઓનો ઉત્સાહ ઘટ્યો છે.એકદંરે હવામાન વિભાગની આગાહી મુજબ આવતી કાલથી વરસાદનું જોર ઘટી જશે તેવી પ્રબળ શકયતા છે.હાલના તબક્કે નવરાત્રી મહોત્સવ ચાલી રહ્યો છે ત્યારે સાર્વત્રીક વરસાદ દરમ્યાન વિવિધ નવરાત્રીના સ્થળોએ ઠેર-ઠેર વરસાદી પાણી ભરાતા ખેલૈયાઓ ચિંતામાં મુકાયા છે.

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં મેહુલીયો



મોજમાં હોઈ આસો માસ દરમ્યાન અષાઢી માહોલ સર્જાયો છે ત્યારે નવલી નવરાત્રી મંડળના આયોજકો,ખેલૈયાઓ,ગરબા રસીકો,ખેડુતો,વેપારીઓ ચિંતાતુર છે.ભારે વરસાદની આગાહી વચ્ચે અવિરતપણે વરસાદી માહોલ યથાવત રહેતા ખેલૈયાઓની મોજ અને મજા તો બગડી જ છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ખેડુતોના ખેતરોમાં લહેરાતા પાકને પણ નુકશાનની ભીતી સેવાઈ રહી છે.આસો માસ દરમ્યાન અષાઢી માહોલ સર્જાતા ખેડુતોને નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.ભિલોડા તાલુકામાં ચોમાસાની સિઝન દરમ્યાન આજ દિન સુધીમાં ૮૫૬ મી.મી. થી વધુ વરસાદ નોંધાયો છે.

ચોમાસા દરમ્યાન સાર્વત્રીક મેઘમહેરના કારણે ઠેર-ઠેર માર્ગો બિસ્માર હાલતમાં હોઈ વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.

હવામાન વિભાગની આગાહીને પગલે સમગ્ર ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. એક તરફ નવરાત્રીનું આયોજન કરતા આયોજક તો બીજી બાજુ બાયડ વિધાનસભાની ચૂંટણીનો જંગ જામ્યો છે, ત્યારે અરવલ્લી જિલ્લામાં મેઘ મહેર યથાવત જોવા મળી રહી છે. અરવલ્લી જિલ્લામાં સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યામાં વરસાદના આંકડાની વાત કરીએ તો ધનસુરામાં સૌથી વધારે ૨.૫ ઈંચ વરસાદ વરસ્યો છે. બાયડ ૧.૫ ઈંચ, ભિલોડા ૧.૫ ઈંચ, તેમજ મેઘરજ, માલપુર અને મોડાસામાં ૧ ઈંચ જેટલો વરસાદ વરસી ચૂક્યો છે,

અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે કલાકમાં ધોધમાર વરસાદ વરસતા મોડાસા ધનસુરા હાઈવે પર વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ ઘટી હતી, જેને કારણે વાહન ચાલકોને હાલાકીઓનો સામનો કરવો પડ્યો હતો. ભારે વરસાદને પગલે વિઝિબિલિટી નહીંવત હોવાને કારણે વાહન ચાલકોએ હેડ લાઈટ ચાલુ રાખવાનો વારા આવ્યો હતો. અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે કલાક એટલે કે, સાંજે ૪ થી ૬ વાગ્યા સુધીમાં ધનસુરા તાલુકામાં ૨.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો.



જ્યારે ભિલોડા તાલુકામાં પણ ૧ ઈંચ વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયાના દ્રશ્યો સર્જાયા હતા.

● **સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં આજરોજ સાંજના ચાર કલાક સુધી ૨૦ એમ.એમ વરસાદ નોંધાવા પામ્યો હતો**

ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકા માં જ્યારે ખેલૈયાઓમાં નિરાશા જોવા મળી રહી છે નવરાત્રિના બીજા દિવસે જગ્યા જગ્યાએ ગરબે ઘુમવા ની જગ્યાએ પાણી ભરાયા છે ત્યારે ગરબા રસિકો નિરાશ થયા છે મોટાભાગ આયોજન કરેલ ગરબાના ગ્રાઉન્ડમાં પાણી ભરાઈ જતા ખેલૈયાઓ અને આયોજકો માં નિરાશા જોવા મળી હતી જ્યારે અતિ વરસાદના લીધે ખેડૂતોમાં પણ નિરાશા જોવા મળી રહી છે ખેતી રૂપે હાથમાં આવેલો કોળિયો છીનવાઈ જવાની ખેડૂતોમાં ભીતિ સેવાઈ રહી છે ખેડબ્રહ્મા તાલુકામાં મોટાભાગના નદીનાળા છલકાયા છે જ્યારે લીલો દુષ્કાળ થવાની ભીતી સેવાઈ રહી છે સતત થઈ રહેલા વરસાદને લીધે નુકસાન થાય છે.

● **વડગામ પંથકમાં વરસતા નવરાત્રીમાં ભંગ પડ્યો હતો.**


વડગામ તાલુકામાં છેલ્લા બાર કલાકમાં અઢી ઈંચ વરસાદ ખાબક્યો હતો.રવિવારના ધીમી ધારે શરૂ થયેલો વરસાદ સોમવારના આખો દીવસ ચાલુ રહેવા પામ્યો હતો જેમાં સવારે ૬ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી કુલ ૬૨ એમ.એમ. વરસાદ વડગામ મામલતદાર કચેરી ના ડીઝાસ્ટર મેનેજમેન્ટ ના ચોપડે નોધાવા પામ્યો હતો.વડગામ તાલુકામા મોસમનો કુલ વરસાદ ૬૯૦ એમ.એમ. થવા પામ્યો હોવાનું મામલતદાર ના સુત્રો એ જણાવ્યું હતું.



**વરસાદના કારણે ખેડૂતોના પાકને ભારે નુકશાન**

વડગામ પંથકમાં પ્રથમ નવરાત્રાના ધીમી ધારે શરૂ થયેલો વરસાદ બીજા દિવસે ધોધમાર

વડગામ તાલુકા માં બે દિવસથી પડી રહેલા વરસાદના કારણે ખેડૂતો ના પાકને ભારે નુકશાન થઈ રહ્યુ છે.વરસાદના કારણે ખેતરો તળાવ માં ફેરવાયા









છે અને પશુઓના બેહાલ બની રહ્યાછે.

દક્ષિણ ગુજરાત ના અરબી સમુદ્ર માં સર્જાયેલા હલકા દબાણ ને લીધે ગુજરાત માં ૪ દિવસ સુધી વરસાદ પડે તેવી હવામાન ખાતાએ આગાહી કરી છે અને જેના લીધે ગુજરાત ના મોટા ભાગના વિસ્તારમાં વરસાદ પડી રહ્યો છે.જેના લીધે ખેડૂતો એ ખેતરમાં વાવેલ મગફળી,ચોમાસુ બાજરી, ગાર જેવા પાકોને મોટા પ્રમાણ માં નુકસાન થાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. જેના કારણે ખેડૂતો બે થવા પામ્યા છે બે દિવસથી સતત પડી રહેલા વરસાદના કારણે ખેતરો બેટમાં ફેરવાયા છે અને પશુઓ બેહાલ બન્યા છે.

ત્યારે આં અંગે વડગામ ના ખેડૂત અગ્રણી મહેશ ભાઈ ચોધરી એ જણાવ્યું હતું આ પડી રહેલા વરસાદના કારણે ખેડૂતો દ્વારા કરાયેલા વાવેતર ને ભારે નુક્સાન ના એંધાણ વર્તાયા છે તાલુકા



ભરના ખેડૂતો ના બેહાલ થયા છે.

● **પ્રાંતિજમાં બે મકાનની દિવાલ ધરાસાઇ થઇ તો ધડકણમાં ૧૨ ઝાડ ધરાશાઈ**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં સવારથી જ ધીમીધારે શરૂ થયેલ વરસાદે એકદમ પીકઅપ પકડતા બપોર સુધીમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ નોધાયો હતો. પ્રાંતિજમાં બે મકાનની દિવાલ ધરાસાઈ થઈ તો ધડકણમાં વરસાદ સાથે તેજ પવન ફુંકાતા ૧૨ જેટલા વુક્ષો ધરાસાઇ થયાં.

પ્રાંતિજ સહિત તાલુકામાં સવારથી જ મેઘમહેર જોવા મળી હતી. વરસાદને લઈને નીચાળવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. બીજા નોરતે પણ વરસાદ પડતા ખેલૈયાઓમાં નિરાશા જોવા મળી છે. પ્રાંતિજ ખોડીયાર કુવા વિસ્તારમાં બે મકાનની દિવાલ ધરાસાઈ થઈ હતી જેમાં કડી નટવરલાલા મણિલાલ તથા વિજયકુમાર બાબુલાલ સોની જોકે સદનસીબે બન્ને જગ્યાએ કોઈ અવરજવર ના હોવાથી મોટી જાનહાની ટળી હતી. પ્રાંતિજ તાલુકાના ધડકણ ખાતે તેજ પવન સાથે વરસાદ પડતા ૧૨ જેટલા વુક્ષો ધરાસાઇ થયા છે ત્યારે સવારથીજ પડી રહેલ વરસાદ બપોર સુધીમાં ૩ ઈંચ જેટલો વરસાદ નોધાયો છે. મોસમનો કુલ ૩૮ ઈંચ વરસાદ નોધાયો છે.



**ધાનેરાના પ્રાંચીન અંબાજી મંદિરમાં ધ્વજારોહણ અને રથ સ્થાપનનો કાર્યક્રમ**

ધાનેરાના અંબાજી મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રીના નવલા નોરતાઓનું આયોજન કરેલ છે. અંબાજી મંદિર એ ધાનેરાનુ સૌથી જુનુ મંદિર છે. દર વર્ષે હઝારોની સંખ્યામાં ખેલૈયાઓ આસ્થા શ્રદ્ધા અને ભક્તિમાં ગરબે જુમતા હોય છે. નવરાત્રીના પ્રારંભ નિમિત્તે આજે અંબાજી મંદિર તેમજ ચોકમાં ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો તે બાદ નવ દિવસ માટે નવરાત્રીના રથ સ્થાપના પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ધાનેરા હરિસિંહ રાજપૂત ધાનેરા નગરપાલિકાના સદસ્યો તેમજ ગરબાના આયોજક જયેશભાઈ સોલંકી અને મોટી સંખ્યામાં ધાનેરાના આગેવાનો તેમજ અંબાજી નવ યુવક મંડળના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. અંબાજી મંદિરના ચોકમાં મા ના રથની આરતી કરી અંબાજી મંદિરમાં નવરાત્રી ગરબા મહોત્સવને ખુલ્લો મુક્યો હતો. અંબાજી નવ યુવક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ધાનેરાના અંબાજી મંદિરના ચોકમાં ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન કરેલ છે. અંબાજી મંદિરના ગરબામાં દરેક ભાઈ બહેનને રમવા માટેનુ આહવાન પણ ગરબા આયોજક જયેશભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# બાયડ વિધાનસભા પેટા ચૂંટણીમાં ખરાખરીનો જંગ જામશે

## ભાજપના ધવલસિંહ ઝાલા અને કોંગ્રેસના જશુભાઈ પટેલે શક્તિ પ્રદર્શન સાથે ફોર્મ ભર્યું

બાયડ, તા. ૩૦

બાયડ વિધાનસભાની પેટા ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બરે ભાજપના ધવલસિંહ



ઝાલા અને કોંગ્રેસમાંથી જશુભાઈ પટેલે ઉમેદવારી પત્ર ફોર્મ ભર્યું હતું. ઉમેદવારી ફોર્મ ભરતા પહેલા ભાજપ-કોંગ્રેસે જાહેરસભા યોજી પ્રાંત ઓફિસ સુધી જંગી રેલી યોજી શક્તિ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસે જાતિવાદની રાજનીતિ છોડી ભાજપ સામે જંગ જીતવા સહકારી અગ્રણી અને માલપુર-બાયડ પંથકમાં દરેક સમાજના વર્ચસ્વ ધરાવતા અને લોકો માટે લડાયક નેતાની છાપ ધરાવતા જશુભાઈ પટેલને ટિકિટ આપતા ભાજપ-કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ જામશે. બાયડ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ૧૨ ઉમેદવારોએ જંગમાં જંપલાવ્યું છે.

બાયડ વિધાનસભા બેઠક પર છેલ્લી ઘડીએ એન.સી.પી.એ સોગઠું રમી સાબરડેરીના પૂર્વ ડિરેક્ટર અને પૂર્વ જીલ્લા પંચાયત સદસ્ય ઠાકોર સમાજના આધ્યાત્મિક ગુરુ એવા કદાવર આગેવાન દોલતસિંહ ચૌહાણને ચૂંટણી જંગના મેદાનમાં ઉતાર્યા છે. ઠાકોર સમાજની બીકેટીએસ સેનામાંથી રાજુભાઈ ખાંટે અપક્ષમાંથી મોટી સંખ્યામાં સમાજના યુવાનો સાથે ઉમેદવારી પત્ર રજુ કરતા બાયડ વિધાનસભામાં ચતુષ્કોણીય જંગ જામે તો નવાઈ નહિ.!!

ભાજપમાંથી ઉમેદવારી પત્ર ધવલસિંહ ઝાલાએ ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ ઝાલા અને ગોરધન ઝડફિયાની ઉપસ્થિતિમાં ભર્યું હતું. ઉમેદવારી પત્ર રજુ કરતા પહેલા જાહેરસભા યોજી રેલી સ્વરૂપે આવેદનપત્ર ભરી શક્તિ પ્રદર્શન કર્યું હતું. આ સમયે સાંસદ દીપસિંહ રાઠોડ, સાબરકાંઠા જીલ્લાના ત્રણે ધારાસભ્યો સંગઠન અરવલ્લી ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી સહીત મોટી સંખ્યામાં ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસમાંથી ઉમેદવારી પત્ર જશુભાઈ પટેલે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, પ્રદેશના હોદ્દેદારો, ધારાસભ્યોની ઉપસ્થિતિમાં ભર્યું હતું. ઉમેદવારી પત્ર રજુ કરતા પહેલા કોંગ્રેસે શક્તિપ્રદર્શન કરી જંગી જાહેરસભા સાથે રેલી ઢોલ-નગારાના તાલે યોજી પ્રાંત કચેરીમાં પહોંચ્યા હતા. કોંગ્રેસના ઉમેદવારના સમર્થનમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉમટ્યા હતા.

બાયડ વિધાનસભામાં પૂર્વ કોંગ્રેસી અને તાજેતરમાં ભાજપમાં જોડાયેલા ધવલ ઝાલા સામે પટેલ જશુભાઈ મેદાનમાં છે. બાયડ વિધાનસભામાં ક્ષત્રિય ઠાકોર અને ક્ષત્રિય રાજપૂત સહિતના મતદારો વધુ હોવાથી ભાજપના ધવલ ઝાલા જીતનો દાવો કરી રહ્યા છે. બીજીબાજુ ધવલસિંહ ઝાલા સામે બીકેટીએસમાંથી રાજુભાઈ ખાંટે ઉમેદવારી પત્ર ભરતા અને એનસીપીમાંથી ઠાકોર સમાજના કદાવર આગેવાન અને આધ્યાત્મિક ગુરુ દોલતસિંહ ચૌહાણને મેદાનમાં ઉતારતા સામાજિક રીતે મતોમાં ધ્રુવિકરણ વધુ થવાની સંભાવનાના પગલે અને સ્થાનિક ઉમેદવાર ન હોવાથી કોંગ્રેસને સીધો ફાયદો મળવાની અને બાયડ વિધાનસભા સીટ પરંપરાગત રીતે કોંગ્રેસનો દબદબો હોવાથી અને ભાજપના ઉમેદવાર ધવલસિંહ ઝાલાએ પક્ષ પલટો કર્યો હોઈ ધવલસિંહ ઝાલા સામે જીત મળવાની આશા કોંગ્રેસ અને જશુ પટેલ સેવી રહ્યા છે.



# મેઘરજના ગ્રામ્ય વિસ્તારમાં તાલિબાની સજા

મેઘરજ, તા. ૩૦

પ્રેમમાં અંધ બની પ્રેમી-પંખીડાઓ તમામ મર્યાદાઓ હટાવી દેતા હોય છે. પ્રેમિકાને મળવા પહોંચતા અનેક યુવકો પરિવારજનો અને ગ્રામજનોનો રોષનો ભોગ બન્યા છે. કેટલાક કિસ્સામાં પરિવારજનો અને ગ્રામજનો પ્રેમી યુવકને જાહેરસ્થળ પર લાવી તેની સાથે તાલિબાની સજા કરવામાં આવતી હોવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે.

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં



એક ગામમાં યુવક-યુવતીની આંખ મળી જતા પ્રેમ સંબંધ બંધાયો હતો. યુવતીના પરિવારજનો અંદેશો આવી જતા યુવતીને ઘરે રાખતા હતા. પ્રેમમાં પાગલ બનેલ યુવક યુવતીના ઘરે બાઈક લઈ મળવા પહોંચતા પરિવારજનોએ યુવકને ઝડપી પાડ્યો હતો અને ઝાડ સાથે રસ્સીથી બાંધી દઈ થોડા સમય પછી રસ્સીથી બાંધેલી હાલતમાં યુવતીના પરિવારજનો અને ગ્રામજનો યુવકને ગામ બહાર મુકવા જતા હોવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા ચકચાર મચી હતી.